સરકારી મુદ્રણાલય, રાજકોટ ખાતેથી પ્રસિદ્ધ થતા ગેઝેટ પાર્ટ-૨માં નામ/અટકની પ્રસિદ્ધિ અંગે માર્ગદર્શક સૂચનાઓ...

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક:મદસ/૨૦૧૬/૨૦૫/ઉ.૨

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

તા.૧૯/૧૧/૨૦૧૬

વંચાણે લીધાઃ

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૧ના પત્ર ક્રમાંકઃ મલસ/૧૦૨૦૦૯/૫૯૨૮૦૯/ઉ.૨

(૨) નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના તા.૬/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંકઃપતક/૪/૨૦૧૫/૧૬/૨૦૩૪

પ્રસ્તાવના:

સરકારી પ્રેસ ખાતે ગેઝેટ પ્રસિદ્ધ કરવા અંગે ઉપર વંચાણે લીધેલ પત્ર ક્રમાંક(૧) સામેના તા.૧૧/૦૫/૨૦૧૧ના નામ, અટક બદલવા અંગેના ફોર્મની નોટીસ ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૧૧/૦૫/૨૦૧૧ના પત્રથી આપેલ મંજૂરી મુજબ સરકારશ્રીની સ્થાયી સૂચના અનુસાર અરજદારની રજૂઆત મુજબનું નામ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવા અંગેની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

નામ/અટક પ્રસિદ્ધિના જટિલ અને ગૂંચવડાભર્યા કેસોમાં ચોક્કસ નીતિ/સૂચનાઓ ન હોઇ ઘણા બધા કેસોમાં અરજીઓનો અસ્વીકાર કરવો પડે છે, સાથોસાથ અરજદારો દ્વારા મનીઓર્ડરની મોકલાવેલ ફીની રકમ પરત મોકલવા અંગે લાંબી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે અને વહીવટી કામગીરી વધે છે. આથી સરકારી ગેઝેટમાં નામ પ્રસિદ્ધ કરવા અંગે ચોક્કસ નીતિ/સૂચનાઓ નક્કી કરવી જરૂરી હતી.

પ્રજાભિમુખ અને સરળ વહીવટની દિશામાં મુશ્કેલીઓના નિવારણ માટે ઉપર વંચાણે લીધેલ ક્રમ (૨) સામેની નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીના તા.૬/૧૧/૨૦૧૫ના પત્રથી રજૂ કરેલ સૂચનો અને મહારાષ્ટ્ર સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિદ્ધની પદ્ધતિ ધ્યાને લઇ તેમજ જે તે વ્યક્તિના સોગંદનામાને આધારે માત્ર નામની પ્રસિદ્ધિ થતી હોઇ, કોઇ કાયદાકિય અધિકાર ઉભો થતો નથી તે ધ્યાને લઇ અરજદારોને સંતોષ આપી શકાય તેમજ સમય અને માનવ કલાકો અને નાણાંનો બચાવ થઇ શકે તે માટે ચોકકસ નીતિ પ્રસિદ્ધ કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, વ્યકિતગત ધોરણે તેઓના સોગંદનામાના આધારે જે તે વ્યકિતના નામ/અટકની પ્રસિદ્ધિ (મહારાષ્ટ્ર સરકારની પદ્ધતિ મુજબ) કરવાનું આથી ઠરાવવામાં આવે છે. આ સંદર્ભમાં નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રીની કચેરીએ નીચે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૧. દક્ષિણના તથા અન્ય રાજ્યોની રૂઢી કે નામાભિધાન/વ્યકિતગત આઇ.ડી. અલગ હોઇ અરજદારે રજૂ કરેલ સોગંદનામું તેમજ સરકારી આધારો રજૂ કરેથી નામની પ્રસિદ્ધિ આપવામાં સરકારની કોઇ જવાબદારી રહેતી ન હોઇ, આવા નામની પ્રસિદ્ધિ મહારાષ્ટ્ર સરકારના ગેઝેટમાં સુચવાયા મુજબ, પ્રસિદ્ધિ આપી શકાશે. જેમાં વ્યકિતગત જે તે અરજદારની જવાબદારી રહેશે પરંતુ તેને કોઇ કાનૂની પીઠબળ મળશે નહીં.

૨. અરજદારના લગ્નને ૩૦-૪૦ વર્ષનો એટલે કે લાંબો સમયગાળો વીતી ગયેલ હોય અને લગ્નપત્રિકા અપ્રાપ્ય હોય તેવા કિસ્સામાં સરકારી રેકર્ડ જેવા કે રેશન કાર્ડ/ચૂંટણી કાર્ડ/પાન કાર્ડ/આધાર કાર્ડમાં સંબંધિત નામનો ઉલ્લેખ દર્શાવેલ હોય તેવા કિસ્સામાં પતિ અને પત્નીના સોગંદનામા અને સરકારી આધારોને ધ્યાને લઇ નામની પ્રસિદ્ધિ આપી શકાશે.

૩. અરજદાર દ્વારા સોગંદનામામાં નામ/અટક સંબંધી સૂચવેલ ફેરફારને પ્રસિદ્ધ કરવામાં કોઇ વાંધો નથી, જેમાં કોર્ટ દ્વારા અપાયેલ ડાયવોર્સ-ડીડ અને પુન:લગ્નના આધાર તેમજ માતા અને પિતાના સોગંદનામાના આધારે બાળકોના નામ

પાછળ પિતાના નામ/અટક બદલીનો ફેરફાર પ્રસિદ્ધ કરી શકાશે. આવી પ્રસિદ્ધિ અંગેની જવાબદારી જે તે વ્યક્તિની રહેશે, પરંતુ તેને કોઈ કાનૂની પીઠબળ મળશે નહી.

૪. બાળકના નામ પાછળ માતાનું નામ પ્રસિદ્ધ કરવા બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટના વિવિધ ચૂકાદાને આધીન છુટાછેડાના કિસ્સામાં બાળકનો કબજો કાયદેસર રીતે માતા પાસે હોય તેવા કિસ્સામાં બાળક અને માતાના એફીડેવીટના આધારે બાળકના નામ પાછળ માતાનું નામ/અટકને પ્રસિદ્ધિ આપી શકાશે.

૫. દત્તક વિધાનમાં કાયદાકિય ગૂંચ તેમજ વારસાઈ અને મિલકતને લગતી બાબતો હોઈ હિન્દુ દત્તક વિધાન અને ભરણપોષણ અધિનિયમ, ૧૯૫૬ અન્વયે અદ્યતન જોગવાઈ/સુધારા મુજબનું દત્તક વિધાન રજૂ કરેથી નામમાં ફેરફારને પ્રસિદ્ધિ આપી શકાશે.

૬. નામ/અટક બદલી અંગેની ભરેલ રકમ નોન-રીફંડેબલ રહેશે.

૭. ગેઝેટમાં નામ પ્રસિદ્ધ કરવા અંગે સંપૂર્ણ જવાબદારી અરજદારની રહેશે.

૮. નામ/અટક અંગેની પ્રસિદ્ધિઓ માટે દરેક ગેઝેટમાં નીચે મુજબ નોંધ પ્રકાશિત કરવાની રહેશે.

"Government accepts no responsibility as to the authenticity of the contents of the notice since they are based entirely on the application/affidavit of the concerned persons without verification of documents"

આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર આ બાબતમાં કાયદા વિભાગ સાથે પરામર્શ કરવામાં આવેલ છે તથા સરખા ક્રમાંકની ફાઈલ પરની સામાન્ય વહીવટ વિભાગની તા.૨૪/૧૦/૨૦૧૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે આ સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેન્દ્ર આર. સોની)
નાયબ સચિવ
ઉદ્યોગ અને ખાણ વિભાગ

પ્રતિ

1. માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
2. માન.મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
3. સર્વે માન.મંત્રીશ્રીઓ/માન.રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રીઓ.
4. માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર.
5. મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
6. સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
7. અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
8. સચિવશ્રી, કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
9. નિયામક, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
10. સામાન્ય વહીવટ વિભાગ/ઘ-૧ શાખા, સચિવાલય, ગાંધીનગર.
11. સચિવાલયના સર્વે વિભાગો.
12. ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ.
13. એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત, અમદાવાદ/રાજકોટ(ઓડીટ) એ.એન્ડ ઈ.
14. પગાર અને હિસાબી અધિકારી, ગાંધીનગર.
15. સિલેકટ ફાઈલ.